Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTER B. NO. 156

श्री

પુ.૧૯ મું. સં. ૧૯૫૯
અંક ૨ જો વૈશાખ

# જૈનધર્મ પ્રકાશ

उपजाति.

धार्यः प्रबोधो हृदि पुण्यदानं, शीलं सदांगीकरणीयमेव ।
तप्यं तपो भावनयैव कार्या, जिनेंद्रपूजा गुरुभक्तिरुद्यमः ॥

प्रगट कर्त्ता.

## श्री जैनधर्म प्रसारक सभा.

ભાવનગર

अनुक्रमणिका


| | | |
|---|---|---|
| ૧ | શ્રી ભાવનગરમાં પ્રતીષ્ટા મહોત્સવ. | ૨૫ |
| ૨ | ભાવનગરમાં થયેલી ભયંકર આગ. | ૪૦ |
| ૩ | પાલીતાણા દરબાર અને જૈનો. | ૪૨ |
| ૪ | બદ્રેશ્વરમાં મહોત્સવ. | ૪૬ |
| ૫ | બનારસ સમાચાર. | ૪૮ |


અમદાવાદ.
"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ"માં
નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપ્યું
વીર સંવત ૨૪૨૯ શાકે ૧૮૨૫ સને ૧૯૦૩
વાર્ષિક મૂલ્ય રૂ૧) પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચોપાનીયું શ્રુત જ્ઞાન છે તેથી તેને રખડતું મુકવાથી થતી આશાતના વર્જવા યોગ્ય છે.

---

## અમારી સભા સંબંધી વિશેષ સમાચાર.

ગયા અંકમાં આપેલા ખબર ઉપરાંત નવા ખબર આપવાના એ છે કે-સભાની ઓફીસની અંદરની બુકો વિગેરેનો રૂ. ૧૨૦૦૦) નો વીમો ઉતરાવેલો તે રૂપીયા આર્લાસ કંપની તરફથી તેના અત્રેના એજંટ દોશી લલુભાઇ છગનલાલ મારફત સભાને મળી ચુકયા છે.

વેચવાની બુકો મુંબઇ, અમદાવાદ, જામનગર, કલકત્તા વીગેરે સ્થળોથી આવી ગઇ છે, બાકીની આવતી જાય છે.

સભાની ઓફીસ રાંધણપરી બજારના નાં. ૧ ઉ ારની મેડીપર રાખવામાં આવી છે ચોપાનીઆ ન્યુસપેપરો પ્રથમ પ્રમાણેજ આવવા લાગ્યા છે જે વાંચવાની સર્વે જૈન બંધુઓને છુટ છે.

લાયબ્રેરી માટે બુકો મંગાવવાની શરૂઆત કરી છે. કેટલાક આવી ગઇ છે, બાકી આવવાની છે. લખેલી પ્રતો ખરીદવાનું તેમજ લખાવવાનું હવે પછી શરૂ કરવાનું છે.

બહારગામથી બહુજ થોડા ગૃહસ્થોએ પોતાની પાસે સભાનું અમુક લેણું છે એમ લખ્યું છે. બાકીના ગૃહસ્થોને લખી મોકલવા ફરીને સૂચવીએ છીએ.

જૈનધર્મ પ્રકાશનો આ બીજો અંક પ્રતિષ્ઠા સંબંધી કાર્ય પ્રસંગને લીધે કાંઇક મોડો બહાર પડયો છે. હવે પછી જેઠનો અંક તરતજ બહાર પડશે. ચાલુ ગ્રાહકોમાં જેઓ રહી ગયા હોય તેમણે તેમજ નવા ગ્રાહકોએ તાકીદે પત્ર લખી મંગાવવું.

સભાનું વેચાણ પુસ્તકો મોકલ્યા સંબંધી તેમજ એજંટ વીગેરેની પાસે ઘણી રકમનું લેણું છતાં તે બાબત પત્ર લખીને ખબર આપવામાં પ્રમાદ થાય છે તે જ્ઞાન ખાતાના દુષણમાં આવવાનું પ્રબળ કારણ છે માટે હીવે તરતમાં પત્રદ્વારા ખબર આપવી.

સભાના સભાસદોને તેમજ હતેચ્છુઓને સભાના કામકાજ તરફ લક્ષ આપી સતેજ કરવાની સાથે સભાની લાઇબ્રેરીને સારા પાયાપર લાવવા માટે નવી નવી જાતની ઉપયોગી બુકોનો સંગ્રહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

દોહરો.

મનુ જન્મ પામી કરી, કરવા જ્ઞાન વિકાશ;
નેહ યુકત ચિત્તે કરી, વાંચો જૈન પ્રકાશ.

પુસ્તક ૧૯ મું. શાકે ૧૮૨૫. વૈશાખ. સંવત ૧૯૫૯. અંક ૨ જો.

## શ્રી ભાવનગરમાં પ્રતિષ્ઠા મહોચ્છવ.

ભાવનગર શેહેર કાઠીઆવાડમાં વ્યાપાર રોજગારને માટે પ્રખ્યાત છે. એ શેહેરમાં શ્રાવકોની વસ્તી સુમારે ૩૦૦૦ ઉપરાંત માણસોની છે. ખુશી થવા જેવું એ છે કે એવડો મોટો સમુદાય છતાં તેમાં સંપ સારો છે. એ શેહેરમાં આપણા દેરાસરો ૩ છે. જેમાં એક મુખ્ય દેરાસર તો ભાવનગર વસ્યું ત્યારનું બંધાવેલ છે, ભાવનગરના શ્રાવક વર્ગના પરમ ઉપગારી **મુનિરાજ મહારાજશ્રી વૃદ્ધિચંદજી**નો વિચાર શેહેર બહાર-રાજનગરમાં હઠીભાઇની વાડીમાં છે તેમ-દાદાવાડીમાં એક સુંદર જિનમંદિર હોય તો ઠીક એવો થવાથી તેમણે શ્રાવક વર્ગને ઉપદેશ આપ્યો અને એટલા ઉપરથી તે વિચાર અમલમાં મુકવાનો નિર્ણય થયો તેથી સંવત ૧૯૪૬ ના શ્રાવણ શુદિ ૬ ઠે દાદા સાહેબના નામથી ઓળખાતી વાડીમાં નવીન દેરાસરને માટે ખાંતમુહુર્ત્ત કરવામાં આવ્યું,

ખાંતમુહુર્ત્ત કર્યા પછી દિનપરદિન વિચાર વૃદ્ધિ પામવા લાગ્યા અને એટલા ઉપરથી જે દેરાસર ઉપર પંદર હજાર રૂપીઆ ખરચવા ધારણા હતી તેની ઉપર તેથી પાંચગણા રૂપીઆ ખરચાયા, દેરાસર ફરતો ઘણો સુંદર કોટ બંધાયો, સામે પુંડરિક સ્વામીનું દેરાસર બંધાયું અને ભૂમિતળ પણ સુંદર થયું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેરાસર તૈયાર થયા બાદ મૂળ નાયકજી માટે તેમજ બીજા પ્રતિમાજી માટે તજવીજ ચાલી. પ્રાચિન પ્રતિમાઓ લાવવા માટે ચારે તરફ માણસો મોકલી શોધ કરાવી. છેવટે સંઘના આગેવાન પાંચ ગૃહસ્થો શ્રી ઉને ગયા અને ત્યાંથી ૨૦ પ્રતિમાજી, ૨ કાઉસગીયા અને ૧૦ પરઘરવાળા આરસનાં પંચતીર્થી લાવ્યા. તે બદલ દશ વર્ષ રૂ ૧૫૦ નું વર્ષાસન ભાવનગરના દેરાસર તરફથી તેમને બાંધી આપવામાં આવ્યું.

આ પ્રમાણે જિનબિંબો લાવ્યા છતાં પણ મૂળનાયકજી સંબંધી ધારણા પાર પાડી નહીં. કારણ કે ગુરૂ મહારાજનો વિચાર શાસનાધિપતિ **મહાવીરસ્વામી** અથવા વિહરમાન તીર્થંકર **શ્રી સીમંધરસ્વામીનું** તીર્થ કરવાનો હતો. તેને માટે અમદાવાદ, ખંભાત, સુરત, પાલીતાણા વિગેરેમાં શોધ ચલાવી અને શંખલપુર, ગીરનારજી વિગેરે સ્થાનકેથી લાવવાનો પ્રયાસ સુદ્ધાં કર્યો પણ પાર ન પડયો, છેવટે શ્રી પાલીતાણે શત્રુંજય ઉપર મૂળનાયકજીના દેરાસર માંહેના જમણી બાજુના દ્વાર પાસેના એક ગોખલામાં રકત વર્ણવાળા **શ્રી મહાવીરસ્વામીના** બિંબ નજરે પડતા **શેઠ. આણંદજી કલ્યાણજીના** પ્રતિનિધિઓને અરજ કરી રૂ. ૧૫૦૦) નકરાના આપી તે બિંબ ભાવનગર લાવવામાં આવ્યા. પરંતુ યાત્રાળુના સમુદાયને તે વાત રૂચી નહીં જેથી તે બિંબ આભુષણો સહીત પાછા અસલ ઠેકાણે પધરાવવામાં આવ્યા અને શેઠ. **મનસુખભાઇ ભગુભાઈના** પ્રયાસથી શ્રી અમદાવાદથી સંભવનાથજીના દેરાસર નીચેના ભૂમિગૃહના એક ગોખલામાં પરિકર સહિત **શ્રી મહાવીરસ્વામીના** અતિ સુંદર અને ૩૩ તસુ ઊંચા બિંબ હતાં તે મળવાનો નિશ્ચય થયો. તે બિંબ ઘણી ધામધુમ સાથે ભાવનગર લાવી શેહેરમાંહેના મુખ્ય દેરાસરના મંડપમાં પ્રાહુણા તરીકે પધરાવવામાં આવ્યા. તેમજ બે બાજુના બે ગભારાના મૂળ નાયકજી કરવા માટે **બે સહેસફણા પ્રાર્શ્વનાથજીના** બિંબ પણ શ્રી પાલીતાણાથી શેઠ અમીચંદ સાકરચંદ પાસેથી યોગ્ય નકરો આપીને લાવવામાં આવ્યા. તેને દાદાવાડીમાંજ રાખવામાં આવ્યા.

ઉપર પ્રમાણે જરૂર પૂરતા પ્રતિમાજી મળી જવાથી હવે પ્રતિષ્ટા સંબંધી મુહુર્તો જોવાની શરૂઆત થઈ. બે ત્રણવાર મુહુર્તો જોવરાવવામાં આવ્યા પણ તેમાં અનેક જાતિના વાંધાઓ ઉઠવાથી તેમજ ઉપરા ઉપર નબળા વર્ષો આવવાથી નિરધાર થઇ શકયો નહીં, છેવટે ગયા ફાગણ માસમાં આખા સંઘનો વિચાર 'હવે તો જરૂર ઓણ પ્રતિષ્ટા કરવીજ' એવો થવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંઘના આગેવાન ગૃહસ્થો શ્રી પાલીતાણે **પન્યાસજી શ્રીગંભીરવિજયજી** પાસે ગયા, ભાવનગર આવવા સંબંધી વિનંતી કરી અને પ્રતિષ્ઠાના મુહુર્ત્ત સંબંધી પૃચ્છા કરી. પન્યાસજીએ સંઘની લાગણી ખરેખરી ચોકસ જણાવાથી આવવાની હા પાડી અને વૈશાખ શુદિ ૪ શુક્રવારનું મુહુર્ત્ત આપ્યું.

અનુક્રમે ફાગણ વદી ૭ મે **પન્યાસજી શ્રી ગંભીરવિજયજી** પરિવાર સહિત ભાવનગર પધાર્યા; સંઘે સામૈયું કર્યું, સૌને આનંદ થયો અને પ્રતિષ્ઠા થવા સંબંધી વાતો ચાલવા લાગી. પન્યાસજીની પ્રેરણાથી શ્રી સંઘે એકઠા થઇ વૈશાખ શુદિ ૪ નું મુહુર્ત્ત નક્કી ઠરાવ્યું. અને તરતમાંજ પ્રતિષ્ઠા સંબંધી ખર્ચ માટે સુમારે ચાર હજારના પ્રમાણપર ટીપ ભરવાનુ ઠરાવ્યું. વદ ૧૧ શે ટીપની શરૂઆત થઇ અને નીચે લખેલા ગૃહસ્થોએ પ્રથમ સારી રકમો ભરી આપી.

૫૧૧) વોરા. જસરાજ સુરચંદ
૫૦૧) શા આણંદજી પુરૂષોત્તમ
૫૦૧) વોરા. ઝવેરચંદ સુરચંદ
૫૦૧) વાગડીઆ ગુલાબચંદ અમરજી
૫૦૧) શેઠ. રતનજી વીરજી

ત્યાર બાદ ટીપનું કામ આગળ ચાલ્યું, તેમાં દરેક ગૃહસ્થે પોતપોતાની શકિત અનુસાર યોગ્ય રકમો ભરી આપી જેથી બીજો સુમારે બે હજાર રૂપીઆ ભરાયા.

હવે પ્રતિષ્ઠા સંબંધી કામકાજની શરૂઆત થઇ. દાદાસાહેબના બગીચામાં મુખ્ય ડેલીમાં પ્રવેશ કરતાં જમણી બાજુ બગીચો છે અને ડાબી બાજુ ધર્મશાળા છે. મધ્યમાં સો ફુટનો ચોરસ ચોક છે. જે કે ચારે બાજુની દીવાલથી શોભીતો છે. ડેલીની સામેજ દેરાસરજીનું દ્વાર છે. આ વિશાળ ચોકમાં એક સુશોભિત મંડપ કરવાનો નિર્ણય થયો અને તે મંડપના મધ્યમાં મેરૂપર્વતની સુવર્ણમય, ચારે વન, ચુળીકા તથા તેની અંદરના જિન મંદિરોનો દેખાવ આપનારી રચના કરવી ઠરી.

આ મંડપનું પ્રથમ ચૈતર શુદિ ૪ થે માંડવા મુહુર્ત્ત કરાવવામાં આવ્યું અને પછી મંડપ બાંધવાનું કામ શરૂ થયું. મંડપને માટે ઘણી વિશાળ જગ્યા રોકવામાં આવી. મંડપ ઉત્તર દક્ષિણ લાંબો ફુટ-૭૫ અને પહોળો ફુટ-૫૪ નાખવામાં આવ્યો. તેમાં બે જુદા જુદા વિભાગ કરવામાં આવ્યા. આગળનો મંડપ પૂજા ભણાવવા માટે અને પાછળનો મંડપ મેરૂપર્વતની રચના વિગેરે કરવા માટે ઠરાવ્યો. અને પાછળના મંડપમાં સ્ત્રી પુરૂષો માટે જુદી જુદી પ્રદક્ષિણા ફરી શકાય તેવી ગોઠવણ કરવામાં આવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિષ્ઠાના મહોચ્છવમાં તે સંબંધી કાર્યને માટે અનેક વસ્તુઓ જોઇએ તેની માગણી કરવા તેમજ આ મહાન્ કાર્ય સંબંધી હકીકત નિવેદન કરી સંમતિ મેળવવા જૈનવર્ગનું એક ડેપ્યુટેશન સંસ્થાન ભાવનગરના મુખ્ય દિવાન સાહેબ **રા. રા. પ્રભાશંકરભાઇ દલપતરામ પટણી** પાસે ગયું અને બધી હકીકત નિવેદન કરી જે ઉપરથી તેઓ સાહેબે ઘણી ખુશીથી સંમતિ આપી અને જે જે વસ્તુઓ જોઇએ તે તે આપવા માટે યોગ્ય અધિકારીઓ ઉપર ચીઠ્ઠી લખી આપી ભાવનગરના રાજ્યની આ અનુકુળતા સર્વે રાજ્યો કરતાં અતિ શ્રેષ્ટ છે. પ્રજાવર્ગને માટે જે વસ્તુઓ જોઇએ તે ઘણી ખુશી સાથે આપવામાં આવે છે. **પ્રજા** શબ્દની ખરેખરી વ્યાખ્યા ભાવનગરમાંજ સાર્થક થાય છે એટલે કે રાજાપ્રજાની વચ્ચે પિતા પુત્ર તૂલ્ય સંબંધ ખરેખરો ત્યાંજ દૃષ્ટિએ પડે છે.

ઉપર પ્રમાણે બધી સગવડો થઇ ગઈ, કામકાજ શરૂ થયું, પ્રતિષ્ઠાની સામગ્રી એકઠી કરવા માંડી, પ્રતિષ્ટા કરાવનાર ગૃહસ્થને માટે આમંત્રણ પત્રો લખાયા, એવામાં એકાએક દૈવેચ્છા વિપરિત હોવાથી અણધાર્યું વિઘ્ન આવી પડયું. ચૈત્ર શુદિ ૯ ની બપોરે રાજમેહેલની સામેના મકાનમાંથી એકદમ અગ્નિ ઉત્પન્ન થયો અને પંદર મીનીટમાંતો તે આખું મકાન અગ્નિ રૂપ થઇ ગયું; એટલુંજ નહીં પણ વચમાં ૫૦ ફીટ રસ્તો છતાં એકદમ સામી બાજુએ રાજમેહેલને પણ અગ્નિ સ્પર્શ થયો અને સાંજ સુધીમાં સુમારે છ લાખનું નુકશાન કરીને ઉઠેલો અગ્નિ કેટલેક અંશે વિરામ પામ્યો. લોકોના દિલ હાલ કલોલ થઇ ગયા, ચારે બાજુ ખિન્નતાની છાયા લાગી ગઇ, રાજા, પ્રજા અને અધિકારી વર્ગ તમામ ઉદાસ થઇ ગયો, હૃદયમાં ભય મોહિનીએ એક છત્ર રાજ્ય જમાવ્યું, લોકો દૂરે રહ્યા. છતાં પણ પોત પોતાના રક્ષણમાં તત્પર થઇ ગયા, અગ્નિ પ્રકોપ વિના પણ સર સામાનનો ફેરફાર કરવાથી લોકોને હજારો રૂપીઆનું નુકશાન થઇ ગયું, નુકશાની મોટી રકમની અંકાવા લાગી, દેશાવરમાં તારો ફરી વળ્યા અને લાગતા વળગતાઓને દૂર દેશાવરમાં રહ્યા છતાં પણ દિલગિરિએ પોતાને તાબે કર્યા. આ અગ્નિ પ્રકોપમાં **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા**ની ઓફીસ તમામ પુસ્તકો લાઇબ્રેરી, ફરનીચર, વહીવટી દફતરો વિગેરે સહિત બળીને ભસ્મ થઇ ગઇ, કાંઇ પણ નીકળી શક્યું નહીં. આ બનાવ અનિવાર્ય ખેદકારક બન્યો.

છેવટે ઉપરના ઉપદ્રવથી થયેલા નુકશાનની ખરી રકમ અંકાણી, કુલ નુકશાન છ લાખને સુમારે ગણાયું. જેમાં અર્ધ ભાગનું દરબારશ્રીને થયું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોથા ભાગનું જૈનવર્ગને થયું અને બાકીનું બીજાઓને થયું. પ્રતિષ્ઠા સંબંધી કાર્યમાં ખલેલ આવી પડી, લોકોના દિલ તે બાબતનો વિચાર કરતાંજ બંધ પડી ગયા. અગ્નિએ પણ ત્યારપછી બે ચાર વખત સહેજસાજ દેખાવ આપ્યા કર્યો. ધીમે ધીમે માણસોના દિલ કાંઇક શાંત થવા લાગ્યા.

ચૈતરવદિ ૧૧ શે ફરીને સંઘ એકઠો થયો. વૈશાખ શુદિ ૪ બહુ નજીક હોવાથી હવે પહોંચી શકાય એમ ન જણાવવાને લીધે બીજું મુહુર્ત્ત લેવાનો વિચાર કર્યો.પ્રવીણ જોશીઓને પન્યાસજી પાસે બોલાવ્યા અને **વૈશાખ વદિ ૨ નું** મુહુર્ત્ત મુકરર કરવામાં આવ્યું, તેના અંગના બીજા મુહુર્ત્તોનો પણ નિરધાર કર્યો અને બંધ પાડેલા મંડપ વિગેરેના કામો પાછાં શરૂ કરવાના હુકમો અપાણા. ધીમે ધીમે પણ સારા ઉત્સાહથી કામ આગળ ચાલ્યું. પ્રથમ કરેલું માંડવા મુહુર્ત્ત ફેરવીને વૈશાખ શુદિ ૪ થે ફરીને માંડવા મુહુર્ત્ત કરવું ઠર્યું. કોની પાસે માંડવા મુહુર્ત્ત કરાવવું એનો વિચાર ચાલતાં ભોળા દિલવાળા અને જુના જમાનાના **વોરા જસરાજ સુરચંદ** પાસે કરાવવું ઠર્યું, તેઓએ ઘણા હર્ષ સાથે સ્વીકાર્યું અને શ્રી સંઘના ઉત્સાહ વચ્ચે વૈશાખ શુદિ ૪ ના દશ કલાકે તેમણે હર્ષિત ચિત્તે માંડવા મુહુર્ત્ત કર્યું. તેજ અવસરે દેરાસરજીના મધ્યમાં મૂળનાયકજીને પધરાવવા માટે **વેદી** રચવામાં આવી. આજે આકાશ ઘણું સ્વચ્છ હતું, લોકોનો ઉત્સાહ તાજો થયેલો જણાતો હતો અને વહેમ ભરેલા વિચારો નિર્મૂળ થયેલા માલમ પડતા હતા.

ત્યારબાદ વૈશાખ શુદિ ૫ મે શહેરની અંદર પધરાવેલા મૂળનાયકજીના બિંબને વૃષભના વાહનમાં પધરાવી ઘણી ધામધુમ સાથે અને મોટો વરઘોડો ચડાવીને દાદાવાડીએ લઇ જવામાં આવ્યા અને બરાબર વિજય મુહુર્ત્તે જિનમંદિરમાં પ્રવેશ કરાવી તેમને માટે નિર્માણ કરેલી વેદી ઉપર પધરાવવામાં આવ્યા. રાજાના આવવાથી જેમ રાજ્યની શોભા વૃદ્ધિ પામે તેમ મૂળનાયકજીના પધારવાથી દેરાસરજી દીપી નીકળ્યું, લોકોના વિચાર પણ બહુ સુધરી ગયા, શાંત વૃત્તિએ ખેદવાળી વૃતિને પલાયન કરાવી પોતાનું રાજ્ય ફેલાવવા માંડયું. જૈન સમુદાયના ઉત્સાહમાં નવું તત્વ ઉમેરાયું, કામકાજમાં શિઘ્રતાએ પ્રવેશ કર્યો અને લોકો પોતાને મળેલા દ્રવ્યને સાર્થક કરવાની આ ઉત્તમ તક મળી છે એમ માનવા લાગ્યા.

આ પ્રતિષ્ઠાના પ્રસંગમાં મૂળનાયકજીવાળા ગર્ભગૃહમાં ૯ બહાર ગોખલામાં ૨, સામા પુંડરિકજીવાળા દેરાસરમાં કાઉસગીઆ સુધાં ૫, અને મૂળ દેરાસરજી ઉપરના ત્રણ શિખરની અંદર ત્રણ ગભારામાં ૧૦,કુલ ૨૬ બિંબ પધરાવવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી સંઘે નિર્ણય કર્યો. જેમાંથી ૮ બિંબને માટે આદેશ પ્રથમ ચૈતર શુદ ૯ મે અપાયા હતા. બાકીના બિંબને માટે આદેશ આપવાની વાત ચાલતાં મૂળનાયકજી માટે રૂ.૪૦૦૧) થી **શા ત્રીભુવનદાસ ભાણજી** કાપડીઆને આદેશ આપવામાં આવ્યો. તે સાથે તેમણે નવકારશીના સ્વામિવચ્છળમાં રૂ.૧૦૦૧) આપવા વિચાર જણાવ્યો. ત્યારબાદ બીજા પ્રતિમાજીઓના ક્રમેક્રમે આદેશ અપાણા જેમાં પુંડરિકજીના દેરાસરમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથજીને મૂળનાયક તરિકે પધરાવવાનો રૂ.૧૦૦૧ થી આદેશ અપાયો. ચારે મુખ્ય શિખર ઉપર તેમજ બીજા ઘુમટો ઉપર ધ્વજાદંડને કળશો ચડાવવાના આદેશો અપાયા જેમાં એકંદર રૂ.૧૪૭૨૫) ઉપજ્યા.

વૈશાખ શુદિ ૯ મે વિધિપૂર્વક કુવામાંથી જળ લેવામાં આવ્યું અને ૧૦૮ વીલડા કરાવીને નદીમાંથી પણ વિધિ સાથે જળ મંગાવ્યું. આવતી કાલે મહોત્સવની શરૂઆત થવાની હોવાથી કુંભસ્થાપન કરવાના અને મેરૂ શિખર ઉપર જુદી જુદી ૧૩ દેરીઓમાં ૧૬ જિનબિંબો પધરાવવાના આદેશો અપાણા. મંડપ પણ તૈયાર થઇ ગયો.

આ મંડપ એવો સુશોભિત રચવામાં આવ્યો હતો કે તેનું વર્ણન કરતાં કેટલાક પૃષ્ટો ભરાઇ શકે. ભાવનગરમાં પ્રથમ ઘણા મહોત્સવો થઇ ગયા છે અને અન્યત્ર પણ ઘણી જગ્યાએ એવા મંડપો જોવામાં આવ્યા છે પરંતુ આ મંડપ તે સર્વેમાં ઉત્કૃષ્ટ શોભાવાળો બન્યો હતો. નાની મોટી ૬૧ કમાનો ચૌરંસ સ્થંભોવડે બનાવવામાં આવી હતી. મેરૂપર્વત ફરતા મંડપને તો તમામ સોનેરી બનાવવામાં આવ્યો હતો. મંડપની અંદર ચીની કામ પુષ્કળ બાંધવામાં આવ્યું હતું. નાના મોટા ૨૫ ઝુમરો બાંધ્યા હતા. બાકી હાંડી ગોળા અને વાલશેટ તો સંખ્યાબંધ હતા. આખા મંડપમાં ઉપરના ભાગમાં ફરતા એક સરખી સાઇઝના સુમારે ૭૦૦ ઉપરાંત કાચો બાંધ્યા હતા. મોટા જંગી કાચોવડે મંડપને શોભાવી દીધો હતો. રોશની વખતે આખો મંડપ જળહળી રહેતો હતો. કાગળના કૃત્રિમ હારોની શેડો સળંગ ફરતી ને અંદર ચોતરફ બાંધી દીધી હતી તે સાચા ફુલના હારને પણ ભૂલાવી દેતી હતી. ઝીણા ગોળાના તોરણીઆ આખા મંડપમાં ઝુલી રહ્યા હતા. આવા સુશોભિત મંડપને માટે જોવા આવનાર તમામ દૃષ્ટાઓ એક અવાજે વખાણ કરતા હતા. ડેલીની બહાર પણ એક નાનો સરખો મંડપ બાંધી દૂરથી પ્રેક્ષકોના દિલ આકર્ષાય તેમ કરવામાં આવ્યું હતું.

શહેરમાંથી ત્યાં જવાના માર્ગને વાવટા અને તોરણોથી શોભાવી દીધો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો. મોટા મોટા ધ્વજાદંડ નાખીને તેની સાથે લોકો જોવા લલચાય એવા ચિત્રવાળા પાટીઆઓ જડી દીધા હતા.ગ્રીષ્મઋતુ હોવાથી દર્શન કરવા આવનારને અગવડ ન પડવા માટે માર્ગમાં નાના નાના પાંચ તંબુઓ નાખી તે સાથે પુષ્કળ છાંયો બાંધી ચોકી પહેરાનો તથા પાણીની પરબોનો મધ્ય રાત્રી સુધીને માટે બંદોબસ્ત કર્યો હતો. માર્ગમાં પણ દીપક શ્રેણી ગોઠવી દીધી હતી. ડેલી બહારના લઘુ મંડપને રંગ બેરંગી ફાનસોથી અને સુશોભીત રાજ્યચિન્હોથી શોભાવી દીધો હતો. ટુંકામાં બની શકે તેટલી શોભા અને બની શકે તેટલી સગવડ કરવામાં કોઇ પ્રકારની કચાશ રાખવામાં આવી નહોતી.

મેરૂશિખરવાળો મંડપ સર્વ કરતાં વધારે ચિત્તાકર્ષક બનાવવામાં આવ્યો હતો. તેમાં પાંડુક વન, સોમનસ વન અને નંદનવનમાં ચાર ચાર જિન મંદિરો કરીકૂટની જેમ ઝુલતા બનાવવામાં આવ્યા હતા. નંદનવનના ચારે મંદિરો બહુ નીચા ઠીક ન લાગે માટે તે કરતાં જરા ઉંચા ગોઠવ્યા હતા. મેરૂને આબેહુબ સુવર્ણનોજ બનાવી દીધો હતો. ચારે તરફ ડુંગરનો દેખાવ કરવામાં આવ્યો હતો અને તેના ગાળામાં કૃત્રિમ લીલોત્રી કાગળની બનાવીને પુરી દેવામાં આવી હતી. નંદન વનને જુદા જુદા ધાન્ય વાવી-ઉગાડીને હરી આળું બનાવી દીધુ હતું. ભૂમિતળ ઉપર ભદ્રશાળવનની ચાર ગજદંતાની, તથા દેવકુરૂ ઉત્તરકુરૂ વિગેરેની રચના કરવાની હતી પરંતુ વખતના સંકોચને લીધે બની શક્યું નહોતું. ત્રણ વનના બાર સિદ્ધાયતનોને સ્થાને બાર દેરીઓ તમામ કાચની બનાવી હતી અને મધ્યની ચૂળિકા ઉપરની દેરી તો અસંત સુંદર બનાવી હતી કે જે રોશની વખતે સ્ફાટિકમય હોય તેવો દેખાવ આપતી હતી. અન્ય ઘણી જગ્યાએ મેરૂની રચના તો થઇ હશે પરંતુ આ રચના તો ખરેખરી અદ્ભૂતજ બની હતી.

વૈશાખ શુદિ ૧૦ બુધવારે પ્રભાતમાં આખો સંઘ દાદાસાહેબની વાડીમાં એકઠો મળ્યો હતો અને બરાબર આઠ કલાકે કુંભસ્થાપન ત્રણ સ્થાનકે કરવામાં આવ્યું હતું. ૧ મૂળ દેરાસરમાં, ૨ સામેના દેરાસરમાં અને ૩ મૂળ નાયકજીવાળી વેદી પાસે કુંભસ્થાપનની સાથે જુવારી વાવવામાં આવ્યા હતા. અને મેરૂ પર્વત ઉપર બાર દેરીઓમાં ૧૨ અને મુખ્ય દેરીમાં ચૌમુખના ૪ મળી કુલ ૧૬ જિનબિંબો એક સાથે પધરાવવામાં આવ્યા હતા ચંદ્રથી રાત્રી અને જળથી સરોવરની જેમ પ્રભુ પધરાવવાથી દેરીઓની અને મેરૂની શોભામાં અસંત વૃદ્ધિ થઇ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈશાખ શુદિ ૧૧ શે ગૃહ, દિગ્પાળ, અષ્ટમંગળિક, નંદ્યાવર્ત્ત તથા જ્ઞાન દર્શન ચારિત્રનું પૂજન **શા. ત્રીભુવનદાસ ભાણજી** પાસેજ કરાવવામાં આવ્યું હતું. જેમાં ગૃહદિગ્પાળ પૂજન ઘણું વિસ્તારથી કરવામાં આવ્યું હતું. આ વિધિ સવારથી શરૂ થયો હતો અને પાંચ છ કલાક ચાલ્યો હતો. વિધિ કરાવવા માટે ઘણા ગૃહસ્થોને આમંત્રણ કરેલા તે પૈકી શ્રી છાણી જીલ્લે વડોદરાવાળા **શ્રાવક જમનાદાસ હીરાચંદ** પધાર્યા હતા. તેમની વિધિ કુશળતા સારી જણાતી હતી. સાથે **પન્યાસજી ગંભીરવિજયજી** પણ પોતાને યોગ્ય ક્રિયા કરાવવા માટે તમામ વખત બેસી રહેતા હતા. જેથી તમામ વિધિ અવિચ્છિન્ન અને વિશુદ્ધ થતી હતી.

વૈશાખ શુદિ ૧૨ શુક્રવારે દૂરદેશથી લાવેલા જિન બિંબોને માટે અષ્ટાદશસ્નાત્ર તથા ધ્વજદંડને કળશની પ્રતિષ્ટા માટે તદ્યોગ્ય સ્નાત્ર કરવાની વિધિ પ્રભાતમાંથીજ શરૂ કરવામાં આવી હતી, ૧૮ સ્નાત્રોને માટે પૃથક્ પૃથક્ અનેક ઓષધીઓનો શાસ્ત્રોકત રીતે સંગ્રહ કરી ખંડાવીને તેના પડા બાંધી રાખ્યા હતા. તીર્થ જળ તરીકે ગંગાજળ તથા શત્રુંજયી નદી અને સૂર્ય કુંડનું જળ મંગાવી રાખ્યું હતું. મૃતિકાઓ અનેક પવિત્ર સ્થળેથી મંગાવી એકઠી કરી હતી. પ્રારંભમાં તમામ સામગ્રી એકઠી મેળવીને જળના નંબરવાર ૧૮ મોટાં પાત્રો ભરાવી તેમાં ક્રમવાર ઓષધી વિગેરે ભેળવી દીધું હતુ. પછી યોગ્ય સમયે સ્નાત્ર કરવાનું કામ શરૂ થયું હતું. એક સાથે બહાર ગામથી લાવેલા તમામ જિન બિંબો ઉપર તથા ધ્વજદંડને કળશો. ઉપર અભિષેક કરવા માટે જુદા જુદા સ્નાત્રીઆઓ નીમી દીધા હતા. તે સંબંધમાં ઉપજ પણ સારી થઇ હતી. સ્નાત્ર ક્રિયા પૂરી થયા બાદ ધ્વજદંડ ને કળશની પ્રતિષ્ટાનું કામ શરૂ થયું હતું. ધ્વજદંડના મસ્તક પર પાઘડીઓ બંધાવવામાં આવી હતી અને સુશોભિત ધ્વજાઓ પણ શિખાતરિકે બાંધી લીધી હતી. કળશોને પણ પાઘડીઓ બંધાવી હતી. તેની પ્રતિષ્ટા કરવાની ક્રિયા **પન્યાસજી શ્રી ગંભીરવિજયજી**એ કરી હતી. ત્યારબાદ બધા ધ્વજ દંડોને જિનમંદિર ફરતી ત્રણ પ્રદક્ષિણાઓ કરાવી હતી.

તેજ દિવસે રાત્રીએ **ચૈત્યપ્રતિષ્ટા**ની વિધિ કરવામાં આવી હતી, બે દેરાસરજી માટે બે સોવન કાષ્ટના પટ ઉપર કુર્મનો આલેખ અષ્ટગંધવડે કરવામાં આવ્યો હતો; ત્યારબાદ તેનું સ્થાપન કરવામાં આવ્યું હતું. ચૈત્યની અંદર ફરતો કુમારિકાએ કાંતેલ સૂત્રનો ૨૧ તારનો દોર વીંટી લેવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યો હતો અને બંને જિનમંદિરો માટે બે કુંભ તૈયાર કરાવી અનેક જાતિના વાજિંત્રો વાગતે દેરાસર ફરતી પ્રદક્ષિણા કરાવી મૂળ નાયકજીવાળે સ્થાને પધરાવવામાં આવ્યા હતા. તે શિવાય તેને લગતો અન્ય સર્વ વિધિ કરવામાં આવ્યો હતો.

અઠ્ઠાઇ મહોત્સવની શરૂઆત શુદિ ૧૦ થીજ કરવામાં આવી હતી. અને પ્રતિષ્ઠાની આગળને પાછળ મળીને નવ દિવસ પૂજા ભણાવવામાં આવી હતી. તેમાં સત્તરભેદી, પંચકલ્યાણકની, નવપદજીની, એકવિશ પ્રકારી, નવાણુ પ્રકારી, અષ્ટપ્રકારી, બાર વ્રતની, અગ્યાર અંગની અને વિશસ્થાનકની પૂજાએ શ્રોત્રને પવિત્ર કર્યા હતા. પૂજામાં ફળ નૈવેદ્યં પુષ્કળ ઢોવામાં આવતું હતું. પૂજા ભણાવવા માટે તેમજ ભાવના માટે બહુ લાયક અને પ્રવીણ ભોજકોની સગવડ કરવામાં આવી હતી. શ્રીપાટણથી હરીલાલને તેનો ભાઇ આવ્યા હતા. તેમજ રાધણપુરવાળા ભોજક ગીરધર હેમચંદ અને તેના બે ભાઈઓ ઉત્તમને પીતામ્બર આવ્યા હતા. ભાવનગર રાજ્યમાં રહેલા ભોજક દલસુખરામ પણ વખતો વખત આવતા હતા. બીજા ભોજકો પણ બે ચાર આવ્યા હતા અને શ્રી પાલીતાણાથી નૃત્ય કુશળ બાળકોને તેડાવવામાં આવ્યા હતા. આવી રીતે બધી સામગ્રી હારમોનીયમ, સારંગી, સતાર, દીલરૂબા, મૃદંગ વિગેરે ઉત્તમ વાજીત્રો સહિત મળવાથી પૂજા અને ભાવનામાં પરમ આનંદ થતો હતો. અનેક પ્રકારની દ્રવ્ય પૂજા કરવાનો મુળ હેતુ શુભ ભાવ ઉત્પન્ન કરવા માટે હોય છે. તે કેટલીક વખત ભૂલી જવામાં આવે છે પરંતુ અહીં કેટલાક સુજ્ઞ શ્રાવકોનું મંડળ સારૂં હોવાથી તે બાબતમાં સારૂં લક્ષ અપાતું દ્રષ્ટિગત થતું હતું.

આ પ્રતિષ્ઠા મહોત્સવની કંકોત્રીઓ શા. ત્રીભુવનદાસ ભાણજીના નામથી દેશાવરોમાં મોકલવામાં આવી હતી, અને શેહેરની અંદર રાજ્યના મોટા મોટા અધિકારીઓને તથા ગ્રહસ્થોને આમંત્રણ કાર્ડો મોકલવામાં આવ્યા હતા. તે ઉપરથી શેહેરનો મોટો ભાગ દર્શનાર્થે આવી ગયો હતો. રાત્રીએ દર્શન વખતે માણસોને ચાલવાનો માર્ગ પણ એટલી વિશાળ જગ્યા છતાં મુશ્કેલીએ મળી શકતો હતો, મોટા અધિકારીઓનો યોગ્ય સત્કાર કરવામાં આવતો હતો અને સાથે રહીને બધું બતાવવામાં આવતું હતું.

ભાવનગરના **નામદાર દરબાર શ્રી ભાવસિંહજી બહાદુરને** પણ આ શુભ પ્રસંગ ઉપર દર્શને પધારવાનું આમંત્રણ જૈન વર્ગના આગેવાન ગૃહસ્થોએ રૂબરૂમાં જઇને કર્યું હતું જે કે તે નામદારે ઘણી ખુશી સા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થે' સ્વીકાર્યું હતું. તે ઉપરથી તેમના સત્કારને લગતી કેટલીક ખાસ ગોઠવણો કરવામાં આવી હતી. રાત્રીના બરાબર ૭ાા કલાકે છડી સ્વારીએ માત્ર **રાજકુંવરી શ્રી મનહર કુંવરબાને** લઇને દરબારશ્રી પધાર્યા હતા મુખ્ય ડેલીમાં પ્રવેશ કરી મંડપમાં પ્રવેશ કર્યા અગાઉ પોતાની મેજેજ બુટ ઉતાર્યા હતા અને ફીનખાપના સુંદર બુટ પહેરવા માટે ધર્યા છતાં તેની જરૂર નહીં જાણીને પોતાના મોજાંથીજ ચલાવી લીધું હતું. મંડપની રચના જોઇને તેમનું દિલ બહુ ખુશી થયું હતું. બાદ દેરાસરમાં પ્રવેશ કરી ચારે બાજુ ફરી, અંદર જઇ આવી, ઉપર ચડયા હતા. ત્યાં રહીને ખુલી હવાનો ઉપભોગ લેતાં દેરાસરના મજબુત બાંધકામના તેઓ સાહેબે બહુ વખાણ કર્યા હતા. ત્યારબાદ બહારના મંડપમાં આવી થોડો વખત ખુરશીપર બીરાજ્યા હતા. તે વખતે પ્રવીણ ગવૈઆઓનું ગાયન અને જૈન કન્યાશાળાની બાળકીઓએ ગાયેલાં ગીતો સાંભળી ખુશી થયા હતા. ત્યારબાદ પુષ્પના હાર ગોટા વિગેરેથી તે નામદારની યોગ્ય સંભાવના કરવામાં આવી હતી. પ્રાંતે પોતાને આવા શુભ પ્રસંગમાં યાદ કરીને આમંત્રણ કરવા માટે જૈન વર્ગને ઘણી સાબાસી આપી તેઓ સ્વસ્થાને પધાર્યા હતા. પોતાની સંપીલી જૈન પ્રજા પ્રત્યેનો તેમનો પ્રીતિભાવ આ વખતે મૂર્તિમાન્ થયેલો દૃષ્ટીએ પડતો હતો.

વૈશાખ શુદિ ૧૫ મે રથયાત્રાનો વરઘોડો ચડાવવામાં આવ્યો હતો. આવો મહા પ્રતિષ્ટામહોચ્છવનો પ્રસંગ જૈન વર્ગને ભાવનગર શહેર વસ્યાબાદ પ્રથમજ મળેલો હોવાથી દરબારશ્રી તરફથી તમામ રયાસત મળવાનો હુકમ થયેલો હતો. પ્રાતઃકાળથીજ શ્રાવક શ્રાવિકાઓનો સમુહ દાદાસાહેબમાં એકત્ર થવા માંડયો હતો. બહારની તમામ સડક હાથી, ઘોડા, રથ અને ઘોડાગાડીઓથી ભરચક થઇ ગયેલી હતી. વરઘોડો બરાબર ૯ાા કલાકે ચાલવો શરૂ થયો હતો. જરીનું તથા સાદું નગારૂં નીશાન, હાથીઓ, ઇંદ્રધ્વજ, ઘોડાગાડીમાં નોબત, કોતલના ઘોડાઓ, સાંબેલાઓ, આરબોની બેરખ, પોલીસ, લાવદાન, પાલખી, મ્યાનો, મોટા પાટ ઉપર નૃત્ય કરનાર છોકરાઓ, દરબારશ્રીના બોડીગાર્ડો, બેંડો, ઢોલ શરણાઇઓ,જિન પ્રતિમા સહિત બનારસી હોદાવાળો હાથી, પુસ્તક લઇને બેઠેલ રૂપાના હોદાવાળો હાથી, ચાંદીની પાલખી, ચાંદીનો રથ અને તેની પાછળ રામણદીવડો તથા સુવર્ણને રૌપ્યમય જળ પૂર્ણ કુંભો લઇને ચાલતો સ્ત્રીવર્ગ તેમજ તેની પાછળ જરીના પડદાવાળા સુશોભિત રથો તથા ઘોડાગાડીઓવડે આ વરઘોડાની શોભા અં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વ બની હતી. ચાંદીની પાલખીની સાથે રૂપાના ઘોડા, ઝાંઝરી, છત્રી, અબ્દાગિરિ તથા ચામર અને પંખાઓ લઇને ચાલતા જૈન બાળકો દૃષ્ટિને આનંદ આપતા હતા. દુધની ધારાવાડી, બળીઆકુળ, ધુપના કુંડાઓ, ઘીના દીવાઓ તથા દશાંગ ધુપવાળા ધુપધાણા માર્ગની અશુચિ વિગેરેનુ નિવારણુ કરતા દૃષ્ટિએ પડતા હતા. આ પ્રમાણે તમામ સામગ્રી સાથે ચાલતો વરઘોડો શહેરમાં આવી ચારે દરવાજા ફરી સુમારે અઢી કલાકે દાદાસાહેબજ ઉતર્યો હતો. વરઘોડાની શોભા અપૂર્વ આવી હતી.

વૈશાખ વદિ ૧ મે ઉપર જણાવ્યા પ્રમાણેની તમામ સામગ્રી સહીત શા ત્રીભોવનદાસ ભાણજીને ઘરેથી ફળ નૈવેદ્યનો વરઘોડો ચડાવવામાં આવ્યો હતો. તેની શોભા પણ આગલા વરઘોડા જેવીજ આવી હતી. આ વરઘોડો ૧૦॥ વાગે દાદાસાહેબ ઉતર્યો હતો અને બપોરે તેમના તરફથી બારવ્રતની પૂજા ભણાવવામાં આવી હતી.

વૈશાખ વદિ ૨ જે પ્રાતઃકાળમાંજ પ્રતિષ્ટા હોવાથી તે સંબંધી તમામ તૈયારી રાત્રીએ કરવામાં આવી હતી. સ્નાત્રીઆઓ તેમજ પ્રતિમાજી પધરાવનારા અને ધ્વજકળશ ચડાવનારાઓ બહોળે ભાગે ત્યાંજ રાત્રી રહ્યા હતા. પાછલી રાત્રે બે વાગે ક્રિયાની શરૂઆત કરવામાં આવી હતી. વિધિ પૂર્વક સામૈયું કર્યા બાદ ગૃહદિગ્પાળને બળિદાન દીધામાં આવ્યું હતું. ત્યારબાદ બરાબર સૂર્યોદય વખતે મુળનાયકજીને ગર્ભગૃહની અંદર લેવામાં આવ્યા હતા. બિંબ બહુ મોટા અને તોલદાર છતાં તેને અંદર લેવા માટે રેલવે જેવી એવી સડક બનાવી હતી કે માત્ર એક બે મીનીટમાંજ પ્રભુને વેદી ઉપરથી આસન ઉપર લઇ જઇ શકાય. ત્યારબાદ સૂર્યોદય પછી અરધા કલાકે પ્રતિષ્ટાનું મુહુર્ત હતું તેથી તેને લગતી તમામ તૈયારીઓ કરીને દરેક પ્રતિમાજી બેસાડનારાઓને તથા ધ્વજદંડ ને કળશ ચઢાવનારાઓને પોતપોતાને ઠેકાણે સાવધાની પૂર્વક ઉપસ્થિત્ કરવામાં આવ્યા હતા. મૂળનાયકજીની પ્રતિષ્ટા કરવાનો લાભ શા. ત્રીભુવનદાસ ભાણજીએ પોતાની માતુશ્રી બાઇ પાર્વતીને આપવાનો ધારેલો હોવાથી મધ્યમાં તેઓ અને તેની બંને બાજુ એ બાંહ્ય તરીકે તેમના પુત્ર ત્રીભુવનદાસ તથા નરોતમદાસ ઉભા રહ્યા હતા. મુળનાયકજીની નીચે નાખવાના પદાર્થો સોનામહોર (ગીની) રૂપા મહોર (ચોખડો રૂપીઓ), પંચરત્ન, કુંમ વિગેરે ક્ષેપવવામાં આવ્યા હતા, અને બાકીનો ભંડાર તામ્ર દ્રવ્ય વિગેરેથી પૂર્ણ કરવામાં આવ્યો હતો. બીજા પ્રતિમાજીની નીચે પણ સૌએ પોતપોતાની શકિત મુજબ રૂપાનાણું, સુવર્ણ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુમે વિગેરે ક્ષેપવ્યું હતું. સામે પુંડરિકજીવાળા દેરાસરમાં મૂળનાયકજી ચિંતા-મણી પાર્શ્વનાથજીની સ્થાપના કરવા માટે વોરા છગન જીવણ તથા મગન જીવણની વિધવાઓ ઉભી રહેલી હતી. આવી રીતે તમામ તૈયારીઓ થઇ રહ્યા બાદ શ્રાવક વર્ગ **पुण्याहं पुण्याहं, प्रियंतां प्रियंतां**, ની ઘોષણા કરી રહ્યો હતો. એ પ્રમાણેની સાવધાની ચાલતાં બરાબર મુહુર્ત્ત સમય આવ્યો એટલે **પન્યાસજી શ્રી ગંભીરવિજયજી**એ સંજ્ઞા કરતાં તરતજ થાળી વેલણનો શબ્દ થયો હતો અને તે સાથેજ મૂળનાયકજી વિગેરે તમામ જિન બિંબોની સ્થાપના કરવામાં આવી હતી. તેમજ બધા ધ્વજદંડ અને કળશોનું પણ આરોપણ કરવામાં આવ્યું હતું. તે વખતે ચારે તરફ થતા વાજીત્રોના નાદ અને આનંદનો જયધ્વની લોકોના કર્ણને બધિર કરી નાખતો હતો.

પ્રતિષ્ટા થયાના વાજીત્રોના શબ્દવડે ખબર પડતાંજ દર્શન કરવા માટે શ્રાવક શ્રાવિકાઓનો મોટો સમુહ દેરાસરની અંદર આવ્યો જેથી પ્રતિષ્ટા કારકો વિશ્રામ માટે બહાર આવ્યા હતા. માણસોની ભીડ એટલી બધી થઇ હતી કે જેમાંથી પેસવું નીકળવું પણ ભારે પડતું હતું. આવી ભીડ કલાક દોઢ કલાક રહ્યા પછી જ્યારે ભીડ મોળી પડી ત્યારે પ્રથમ પોંખણા કરાવવામાં આવ્યા અને ત્યારબાદ પ્રતિષ્ટા સંબંધી બાકીનો સ્નાત્ર, દેવવંદનાદિ તમામ વિધિ યાવત્ બળિદાન દઇને દેવોનું વિસર્જન કરવા પર્યંત કરવામાં આવ્યો હતો. આ વિધિમાં પણ પન્યાસજી પોતાને યોગ્ય તમામ ક્રિયા કરાવવામાં સામેલ રહ્યા હતા અને સૂરિમંત્ર પૂર્વક તમામ જિનબિંબો ઉપર તેઓ સા-હેબે સપરિવાર વાસક્ષેપ કર્યો હતો. એ પ્રમાણે પ્રતિષ્ટાનો વિધિ ખલાસ થયો હતો.

શા. ભીભુવનદાસ ભાણજીને પ્રતિષ્ટાનો આદેશ આપ્યો તે વખતે તે-મણે નવકારશી બાબત માં ૩૧૦૦૧, આપવાના કહ્યા હતા પરંતુ પાછળથી પ્રણામ વૃદ્ધિ પામતાં તેમણે પોતાના નામથીજ નવકારશીના નોતરાં દીધાં હતાં. ત્યારબાદ સ્નેહી વર્ગની પ્રેરણાથી વાણીઆ માત્રને તે દિવસે જમા-ડવા માટે ચોરાશી નાતના આગેવાન ગૃહસ્થોને બોલાવીને વાણીઆ માત્ર (ચોરાશી)ના નોતરાં પણ દીધાં હતાં જેથી વૈષ્ણવ વણિક વર્ગને પણ આજે જમવાના નોતરાં હતા. ઉપરાંત ભાવસારો જૈનધર્મ પાળતા હોવાથી તેમને પણ જમવાનું હતું. એને માટે જુદા જુદા ચાર રસોડાં કરવામાં આવ્યા હતા. બપોરનો વખત થયો એટલે તો ચારે તરફ આખા શેહેરમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્ત્રી વર્ગ વસ્ત્રાલંકાર પહેરીને જમવા તરફ હર્ષમાં ચાલ્યો જતો નજરે પડતો હતો. વૈષ્ણવ વર્ગની સ્ત્રીઓ પણ કોઇના પ્રશ્નના ઊત્તરમાં ' આજે શ્રાવકોની પ્રતિષ્ટા છે તેમાં અમને પણ જમવાના છે ' એવો ઉત્તર આપતી હતી. અને ચારે તરફ જૈનશાસનની ઉન્નતિ શબ્દમય થઇ રહી હતી. આ સ્વામીવાત્સલ્યનું કાર્ય ઘણા આનંદ સાથે દિવસ છતાં ખલાસ થયું હતું અને દિલ ઉદાર હોવાથી ધાર્યા કરતાં પણ ઓછો ખર્ચ થયેલો જણાતો હતો.

આ પ્રતિષ્ટાનો દિવસ મહા પવિત્ર હોવાથી આરંભના તમામ કાર્યો બંધ રાખાવવામાં આવ્યા હતા. તમામ વ્યાપારીઓએ પોતાની રાજી ખુશીથી અણોજો પાળ્યો હતો કાપડની મીલ, જીન, પ્રેસ, લાકડા વેરવાનો પ્રેસ, સાકરના કારખાના, માણું માપ, કાંટો, બંદરમાં માલનું ઉતરવું, ગાડીઓ ભરાવી, જકાત ચૂકવવી વિગેરે તમામ બંધ હતું. અનાજ બજાર, કાપડ બજાર, ગોળ બજાર, ઘીં બજાર, ગાંધી બજાર, શાક બજાર વિગેરે તમામ બજારોમાં અણોજા પળ્યા હતા. સોની તથા લુહારોએ પણ દુકાનો બંધ રાખી હતી. માછીની જાળ પણ બંધ રખાવવામાં આવી હતી. આ પ્રમાણે અનેક જીવોને અભયદાન કમળવાના બની શકયા તેટલા તમામ માર્ગ લેવામાં આવ્યા હતા; કારણ કે આવા શુભ પ્રસંગને માટે તેની મુખ્યતા છે.

પ્રતિષ્ટાના મહાન્ મહોચ્છવની પાછળ મહાસ્નાત્ર કરવુંજ જોઇએ એવો વિધિ હોવાથી વદ ૪ શુક્રવારેજ **અષ્ટોત્તરી સ્નાત્ર** ભણાવવાનું ઠરાવવામાં આવ્યું. તેને લગતી પીઠીકા તથા જે બીજી તૈયારીઓ વદ ૩ ને કરવામાં આવી અને તે રાત્રેજ પૂર્વવત્ સવિસ્તર વિધિથી ગૃહદિગ્પાળનું પૂજન કરવામાં આવ્યું વદિ ૪ ના પ્રાતઃકાળથીજ વૃદ્ધસ્નાત્રની તૈયારીઓ ચાલી રહી હતી. મંડપના મધ્ય ભાગમાં બંને તરફ જાત જાતના ફળ નૈવેધના ઢગલા કરેલા દ્દષ્ટિએ પડતા હતા. ભાવનગરમાં મળતા તમામ જાતિના ફળો લાવવા ઉપરાંત મુંબઇથી પણ મંગાવવામાં આવ્યા હતા. નૈવેધ અનેક જાતિનું ખાસ કરાવવામાં આવ્યું હતું. નવી કરેલી વેદિકા ઉપર ચાર પંચ તીર્થીઓ ( ઋષભદેવ, અજીતનાથ, શાંતિનાથ, પાર્શ્વનાથ, ) નું સ્થાપન કર્યા બાદ દીપક, પંચામૃત વિગેરેની સ્થાપનાઓ કરવામાં આવી હતી, ત્યારબાદ દેવ નોતરીને તથા દેવવંદન કરી અષ્ટોત્તર ( ૧૦૮ ) સ્નાત્ર ભણાવવાની શરૂઆત કરવામાં આવી હતી બધા સ્નાત્રો **પન્યાસજી ગંભીર વિજયજી** તથા **શ્રાવક જમનાદાસ હીરાચંદે** ભણાવ્યા હતા. ઘી વિગેરેની ઉપજ પણ સારી થઇ હતી. સાંજના પાંચ વાગતા લગ ભગ ૧૦૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્નાત્રો ભણાઇ રહ્યા હતા. ત્યાર પછી બાકીનો વિધિ કરી, આરતિ ઉતરાવીને શાંતિકુંભ ભરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ દેવતાઓનું વિસર્જન કરીને મહાસ્નાત્ર સંબંધી વિધિ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

શાંતિકુંભ **શા. આણંદજી પરશોતમને** ત્યાં લઇ જવામાં આવ્યો હતો અને રાત્રે ત્યાં રાત્રીજગો કરવામાં આવ્યો હતો. તે કુંભ વદિ ૫ની પ્રાતઃકાળે દાદા સાહેબ આવ્યા બાદ અષ્ટોત્તરી સ્નાત્રના ન્હવણવડે શેહેર ફરતી ધારાવાડી દેવરાવવામાં આવી હતી. અને બપોરે ઘણા આનંદ સાથે વીશસ્થાનકની પૂજા ભણાવવામાં આવી હતી.

સ્નાત્રીઆઓ સંબંધી અનુકુળતા થવા માટે તેમજ તેમની બધી રીતે વિશુદ્ધિ રહેવા માટે પ્રારંભથીજ તેમને ખાવા પીવાનો તેમજ સુવાનો બંદોબસ્ત દાદાસાહેબની વાડીમાંજ કરવામાં આવ્યો હતો. તે સાથે પરદેશી તમામ શ્રાવક ભાઇઓને પણ શુદિ ૧૩ થી વદિ ૫ સુધી ત્યાંજ જમાડવામાં આવ્યા હતા. તેને માટે જાહેર રીતે શેહેરમાં નોતરા ફેરવવામાં આવ્યા હતા. જેથી બહાર ગામથી આવનારા શ્રાવકભાઇઓની યોગ્ય સગવડ જળવાઇ શકતી હતી અને બની શકતી ભક્તિ પણ થતી હતી.

આ મહોત્સવ ઉપર સાધુ સાધ્વીનો સમુદાય પણ બહુ સારો મળ્યો હતો. સુમારે ૫૦ ઠાણા ઉપરાંત એકઠા થયા હતા. **પન્યાસજી શ્રી ગંભીરવિજયજી** ઉપરાંત **મુનિરાજ શ્રી કેવળ વિજયજી** તથા **મુનિરાજ શ્રી નેમવિજયજી** પણ સપરિવાર પધાર્યા હતા. જેથી આ મહોત્સવ ઉપર આવનારને જંગમ તીર્થનાં દર્શનનો પણ પરમ લાભ મળતો હતો.

આ મહા પ્રસંગને ઘટે તેવી રીતે શ્રી સંઘે સલાટ, સુતાર, કડીઆ વિગેરે કારિગરોને તથા સંઘના તમામ નોકરો, પૂજારીઓ, મહેતાઓ તથા કામકાજ કરનારાઓ વિગેરેને સારો શિરપાવ આપીને ખુશી કર્યા હતા. આ બાબતમાં કોઇને પણ ભૂલી જવામાં આવ્યા નહોતા એટલુંજ નહીં પણ સારી ઉદારતા વાપરવામાં આવી હતી.

વદિ ૬ રવીવારને દિવસે પ્રભાતે પ્રતિષ્ઠા દેવતા વિસર્જન તથા કંકણ દોરા છોડવાની વિધિ કરવામાં આવી હતી અને સાંયકાળે વૃષ્ટિ કરીને જિનમંદિર બંધ કરવામાં આવ્યા હતા. જો કે વદિ ૭ની સવારમાં શ્રી સંઘે મળીને પ્રતિષ્ઠાકારકની પાસે પ્રાતઃકાળમાં વહેલા ઉઘડાવી યથાશક્તિ નજરાણા ધરીને પરમાત્માના દર્શનનો પરમલાભ લીધો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વદ ૭ મે મેરૂ પર્વત ઉપર પધરાવેલા જિનબિંબોને સારી ધામધુમ સાથે શેહેરમાં પાછા પધરાવવામાં આવ્યા હતા અને મંડપનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ પ્રમાણે આ મહોત્સવ ૧૨ દિવસ ચાલીને નિર્વિઘ્ને સમાપ્ત થયો હતો.

આ પ્રતિષ્ટા મહોચ્છવ બહુ શ્રેષ્ટ, દિનપરદિન ઉત્સાહમાં વૃદ્ધિ કરનારો અને અગ્નિ તથા મરકી વિગેરે ઉપદ્રવોને શાંત કરનારો થયો છે. દેરાસરજીમાં સુમારે સતર હજારની ઉપજ થઇ છે. લોકોના દિલ શાંત થયા છે અને જૈનશાસનનો સર્વત્ર જયજયકાર બોલાયો છે.

આ પ્રસંગમાં **પન્યાસજી શ્રી ગંભીરવિજયજી**એ વિધિ વિધાન વિગેરેમાં તેમજ દરેક કાર્યને રસ્તે પડાવવામાં અત્યંત પ્રયાસ કર્યો છે તેઓ સાહેબનો ભાવનગરના સંઘ ઉપર ઉપકાર તો હતોજ પરંતુ આ કાર્યથી તેમાં ઘણી વૃદ્ધિ થઇ છે. એટલે કે શ્રી સંઘ ઉપર તેમનો અનહદ ઉપકાર થયો છે.

શ્રી છાણીવાળા **શ્રાવક જમનાદાસ હીરાચંદે** આ કાર્યમાં તદન નિસ્પૃહી પણે પારાવાર પ્રયાસ કર્યો છે. એવા વિધિ કરાવનારા મળવાથી ભાવનગરના સંઘને પ્રતિષ્ટાદિ વિધાનમાં બહુજ સવળતા થઇ ગઇ હતી. ભાવનગરનો સંઘ એને માટે એમનો પૂર્ણ આભારી છે.

આ શુભ પ્રસંગમાં ભાવનગરના સંઘના આગેવાનોએ વારંવાર એકઠા થઇ, વિચારો મેળવી, યથાશકિત દ્રવ્યનો પણ વ્યય કરી સારો લાભ લીધો છે અને પ્રશંસાપાત્ર પ્રયાસ કર્યો છે. તેમાં પણ **વોરા. અમરચંદ જસરાજ** અને **શા. કુંવરજી આણંદજી**નો પ્રયાસ સર્વે કરતાં વિશેષ તેમજ ખરેખર પ્રશંસનીય છે કારણ કે એમણે ઘણા દિવસો તો અહર્નિશ એ કાર્યમાંજ વ્યતિત કર્યા છે. મંડપ વિગેરે કાર્યમાં **શા. વેલચંદ દલીચંદ**નો પ્રયાસ પણ તેવોજ સ્તુતિ પાત્ર છે.

આવા ઉત્તમ કાર્યમાં ભાગ લેવો, બનતો પ્રયાસ કરવો, સદ્ બુદ્ધિનો ઉપયોગ કરવો, દ્રવ્યનો વ્યય કરવો અને બીજી રીતે જે પ્રકારે બને તે પ્રકારે સહાય આપવી તે સર્વ પુણ્યાનુબંધી પુણ્યના કારણ છે. ઉત્તમજનોએ આવી અમૂલ્ય તકનો લાભ અવશ્ય લેવો. જેથી આત્માનું હિત થાય, આ વિષયનો વિસ્તાર આગળ ઉપર સ્મરણમાં રહેવા માટે તેમજ વાંચનારા બંધુઓને ધર્મકરણીનું અનુમોદન બની શકવા માટે કરેલો છે. તેથી આદ્યંત વાંચીને તેમાંથી સાર ગ્રહણ કરવા જૈનબંધુઓ પ્રત્યે અમારી પ્રાર્થના છે.

**ઇતિ શં.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભાવનગરમાં થયેલી ભયંકર આગ.

## તે ઉપરથી ઉત્પન્ન થતા વિચારો.

### શ્રાવક વર્ગને થયેલું નુકશાન.

ગયા ચૈતર શુદ ૯ ની બપોરે શેહેર ભાવનગરમાં રાજ્ય મહેલની સામેના બદાણી ગંભીર રામજીના મકાનમાંથી એકાએક આગ ઉત્પન્ન થઇ હતી અને તેણે ઘણા થોડા વખતમાં ૫૦ ફીટનો રસ્તો વચ્ચે છતાં સામે રહેલા રાજ્ય મેહેલને સપાટામાં લઈ લીધો હતો. આ આગમાં સુમારે ૨૫–૩૦ દુકાનો અને ૫૦ ઉપરાંત ઘરો ચાર પાંચ કલાકના અરસામાં બળીને ભસ્મ થઇ ગયા છે. તેથી સુમારે ૭ લાખનું નુકશાન અટકળવામાં આવ્યું છે. તેમાં ત્રણ લાખ જેટલું નુકશાન તો માત્ર રાજ્ય મેહેલ બળી જવાથીજ થયું છે બાકીનું ત્રણ લાખનું નુકશાન પ્રજા વર્ગને થયું છે. તેમાંથી અરધું ઓછેરું જૈનવર્ગને થયેલું જણાય છે. આ અગ્નિ પ્રકોપમાં શ્રી જૈનધર્મ પ્રસારક સભાની ઓફીસ પણ આવી ગઇ છે. તેની હકીકત ગયા અંકમાં ટાઇટલ ઉપર કરેલા લખાણથી ગ્રાહક વર્ગના જાણવામાં આવેલી છે.

આ અગ્નિ પ્રકોપની તાત્કાળીક અસરતો અત્રે દાદા સાહેબની વાડીમાં શ્રીસંઘે કરેલા દેરાસરજીની પ્રતિષ્ટા ઉપર થઇ હતી. એ પ્રતિષ્ટાનું મુહુર્ત્ત વૈશાક શુદ ૪ નું નક્કી કરવામાં આવેલું તે આ કારણને લઇને ફેરવવું પડયું અને વૈશાક વદ ૨ નું રાખવામાં આવ્યું હતું.

અત્રેના જૈન સમુદાયનો કેટલો ભાગ અત્રે થયેલા અગ્નિ પ્રકોપથી પ્રતિષ્ટાના મુહુર્ત્તાદિકના સંબંધમાં વહેમાઇ ગયો હતો. અને પોતાની મેળે પોતાના અવર્ણવાદ બોલવાની જેમ તદન અણસમજુપણાની વાતો કરવા લાગ્યા હતા. આ વખત પ્રથમ તો એ હકીકત વિચારવાની છે કે કોઇ પણ મુહુર્ત્તની અસર તેની અગાઉના દિવસોમાં થઇ શકતી નથી. વળી એવા કારણથી આવા પ્રકારની હાનીનો યત્ કિંચિત્ પણ સંભવ નથી કે જે હાનીમાં મુખ્ય ભાગ તો દરબારશ્રીનો અને બાકીનો ભાગ ઢુંઢીઆ, બ્રાહ્મણો અને વૈષ્ણવો વિગેરેનો છે. વળી એક વૈષ્ણવ મંદિર પણ નાશ પામ્યું છે.

સમકિત દૃષ્ટિ જીવોએ તો આ વખત ખરેખરી રીતે ભગવંતે ભાષેલી વસ્તુની અસ્થિરતાને ચિત્તમાં દૃઢ કરવાની છે. સર્વજ્ઞે બધી ભાવનાઓ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના પ્રારંભમાં અનિત્ય ભાવના એટલા માટેજ કહેલી છે કે, આ જગતમાં રહેલ વસ્તુ માત્ર સ્ત્રી પુત્ર પરિવાર વિગેરે, ઘર હાટ હવેલી વિગેરે, સોનુ રૂપું કે ઝવેરાત વિગેરે સર્વ વિનાશી છે. એકની એક સ્થિતિમાં તેમજ એકના એક માલેકની માલેકીમાં કદાપિ પણ કોઇ વસ્તુ રહેતી નથી, રહેવાની નથી અને રહેલ પણ નથી. તેમ છતાં પણ સંસારના મોહમાં આસકત થઇ ગયેલ અજ્ઞાની પ્રાણી તેવી વસ્તુઓને તેની તે સ્થિતિમાં તેમજ પોતાનાજ સ્વામીત્વમાં અખંડ રાખવા ઇચ્છે છે, તેને માટે બનતો પ્રયત્ન કરે છે, અનેક પ્રકારના પાપો સેવે છે, અનેકની સાથે વિરોધ કરે છે અને તેમ છતાં પણ તેનો વિનાશ થાય છે અથવા સ્વામીત્વનો ફેરફાર થાય છે ત્યારે હાયપીટ કરે છે, શોક સમુદ્રમાં ડુબે છે જેના તેનાપર ખેદ કરે છે, ધર્મ કાર્યને વિસારી દે છે અને ધર્મ કાર્ય તરફ નિરાદરપણું દેખાડે છે. આ બધી ક્રિયા અને પ્રવૃત્તિ તેને ઉલટા નવા કર્મોનો બંધ કરાવે છે અને પૂર્વ કર્મની જો કે વેદવાવડે નિર્જરા થાય છે પરંતુ તેથી બંધ વધી પડે છે. આ કારણથી જો વસ્તુના અનિત્યપણાની આ પ્રાણીના હૃદયમાં ખરેખરી ખાત્રી થાય, તેમા ચિત્તમાં તે વાત ઠસે, નિરંતર અનિત્ય ભાવના ભાવતો થાય તો પછી તેને ઇષ્ટના વિયોગે કે અનિષ્ટના સંયોગે હર્ષ કે શોકમાં નિમગ્ન થવાપણું ન રહે અને ધાર્મિક વૃત્તિ જેવીને તેવી બની રહે.

વસ્તુ માત્રનો સ્વભાવજ અનિત્ય હોવા છતાં આ પ્રાણી જ્યારે તેનું અનિત્યપણું દેખે છે ત્યારે જાણે ચમત્કાર પામતો હોય તેમ જણાય છે. કારણ કે તે વખતે તેનું અનિત્યપણું ભૂલી જાય છે. તેમ ન થવા માટે સર્વજ્ઞ મહારાજે સર્વ ભાવનામાં અનિત્ય ભાવનાને અગ્રપદ આપ્યું છે કે જેથી પ્રાણી મૂંઝાતો ન ખાય. સ્ત્રી પુત્રાદિકના અભાવ વખતે અથવા અગ્નિ વિગેરેના ઉપદ્રવથી મીલકતના વિનાશને વખતે કેટલાક અજ્ઞાનીઓનું હૃદય છીન્ન ભિન્ન થઇ જતું જણાય છે તે પ્રત્યક્ષ તેનું અજ્ઞાનપણું જણાવે છે. નીતિશાસ્ત્રમાં ગતવસ્તુનો શોક કરવો તેને મુર્ખતા કહેલ છે. ભોજરાજાના ચરિત્રમાં એક પ્રસંગ એવો છે કે જેમાં એક વિદ્વાનને મૂર્ખ કહીને બોલાવતાં તેણે કહ્યું છે કે—

खादन्न गच्छामि हसन्न जल्पे गतं न शोचामि कृतं न मन्ये ।
द्वये तृतियो न भवामि राजन् किं कारणं येन भवामि मूर्खः ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"તે કહે છે કે-હું ખાતો ખાતો માર્ગે ચાલતો નથી, હસતો હસતો બોલતો નથી, ગઇ વસ્તુનો શોક કરતો નથી, કોઇ પણ કાર્ય મેં કર્યું એમ માનતો નથી અને બે જણ વાત કરતા હોય તેમાં ત્રીજો થતો નથી તો એવું શું કારણ છે કે જેથી હું મૂર્ખ ગણાઉં? અર્થાત્ મૂર્ખ ગણાવાનું આ કરતાં બીજું કોઇ પણ કારણ નથી." આ કારણોમાં ગઇ વસ્તુનો શોક કરવો એ પણ એક કારણ મૂર્ખ ગણાવાનું ગણેલું છે. વિચારો કે નીતિમાં પણ જે મૂર્ખ ગણાય તે ધર્મ સંબંધમાં કેમ ન ગણાય ? માટે એવે પ્રસંગે તો ગઇ વસ્તુનો અર્થાત્ વિનાશ પામેલી વસ્તુનો શોક ન કરવો એજ ઘટિત છે. તે સાથે એવી બાબતમાં પોતાના પૂર્વકૃત કર્મો શિવાય બીજા કોઇ ઉપર આક્ષેપ કરવો નહીં. કેમકે બીજું કોઇ હાની કે લાભ કરી શકતુંજ નથી. હાની કે લાભ થાય છે તે પોતાના કર્મોવડેજ થાય છે, બીજાઓ તો તેમાં માત્ર નિમિત્ત કારણજ બની શકે છે. તેમાં પણ વળી ધર્મના કાર્ય ઉપર તો સમકિત દૃષ્ટિ જીવે પ્રાણાંતે પણ આક્ષેપ કરવો નહીં. ધર્મ કરણી તો આ પ્રાણીને આભવને પરભવમાં હિતકારકજ થાય છે. જો જળમાંથી અગ્નિ ઉઠે અને બાવનાચંદન પરિતાપ ઉપજાવે તોજ ધર્મકરણીથી હાની થાય એમ સમજવું અર્થાત્ હાનીજ ન થાય એમ માનવું. આ બાબતમાં તાત્કાળિક ઉશ્કેરાઇ જાય એવા હૃદયવાળા જૈન બંધુઓએ બહુ સાવધાની રાખવાની જરૂર છે. કારણ કે આવી બાબતમાં જેમ તેમ બોલી જવાથી પોતેજ જૈન શાસનની હીલના કરાવનાર થાય છે. બીજાઓને પણ તે ઉપરથીજ બોલવાને કારણ મળે છે અને પછી વાતે વાત વૃદ્ધિ પામે છે. ચાલતા પ્રસંગમાં પણ એવીજ રીતે બનેલું શ્રવણ ગોચર થાય છે તેથી જૈન બંધુઓ પ્રત્યે અમારી પ્રાર્થના છે કે આવી બાબત મહા કર્મ બંધ કરાવનારી શાસ્ત્રકારે કહેલી છે તેને ધ્યાનમાં રાખીને પોતાના શબ્દોવડે જૈન શાસનની હિલના કરવાનું કે બોલવાનું કોઇને કારણ ન મળે તેવી સાવચેતી રાખવી અને ધર્મકરણીના સંબંધમાં યત્ કિંચિત્ પણ હાની થવાના સંભવની શંકાને હૃદયમાંથી દૂર કરવી. જેથી તમારા આત્માનું હિત થશે અને અહિત થતું અટકશે.

---

## પાલીતાણા દરબાર અને જૈનો.

પાલીતાણા દરબારની સાથે શ્રાવકવર્ગને ઘણા વર્ષોથી અનુચિતપણું ચાલ્યું આવે છે. તેમાં મધ્યસ્થ વૃત્તિએ વિચારતાં સાંના દરબાર કરતાં તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સલાહકારો મોટે ભાગે દૂષિત છે. એવા સલાહકારોની સલાહને લઇને પાલીતાણા દરબાર તરફથી ઘણી વખત અનુચિત પગલાં ભરવામાં આવે છે. પોતાના હકની ખાતર શ્રાવકવર્ગ સાથે ન્યાયની રીતે લડત ચલાવવી એ જુદી વાત છે અને વિના કારણ જૈન સમુદાયના મન દુઃખાય તેવાં એ પવિત્ર પર્વતની, પવિત્ર જિનમંદીરોની, અતિ પવિત્ર દેવમુર્ત્તિઓની આશાતના-અપમાન-અનાદર કરવાનાં પગલાં ભરવાં; શ્રાવક સમુદાયના શેઠ આણંદજી કલ્યાણજીના નામથી ચાલતી પેઢીના નોકરોને વગર ગુન્હે ખોટા આરોપો મુકી હેરાન કરવા એ જુદી વાત છે. આવા અન્યાય યુકત પગલાંઓ ભરવાથી પરસ્પર અભાવ વધતો જાય છે અને સ્નેહ ભરેલી લાગણી થવાને બદલે અપ્રીતિ અને દ્વેષ ભરેલી લાગણી તાજી થતી જાય છે. તેમજ તેમાં વધારો થતો જાય છે આ બાબત ખરેખરી ખેદકારક છે.

મરહુમ ઠાકોર **સુરસિંગજી**ની લાગણી તો જૈનવર્ગ પ્રત્યે ઘણી કડવાશ ભરેલી હતી અને તે તેના પોતાના સ્વભાવનું તેમજ મુસલમાન સલાહકારોની માઠી સલાહનું પરિણામ હતું. તેઓ જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી તેમણે શ્રાવક સમુદાય સામે પ્રીતિ ભરેલી લાગણીએ કોઇ વખત જોયુંજ નથી એટલુંજ નહીં પણ સૂર્યકુંડ ઉપરની દેરીમાંથી પગલા ખોદીને નંખાવી દીધાના-દેવની આશાતના કરવારૂપ ઉગ્ર પાપને પરિણામે તેજ કેસમાં નામદાર ગવર્નર સાહેબનો ઠપકો સહન કરીને પાછા વળતાં પાણી પાણી કરતાં પોતાનો અમૂલ્ય પ્રાણ તેમણે રણવગડામાં ગુમાવ્યો છે. આ હકીકત ખરેખરી રીતે ધડો લેવા લાયક છે.

ઠાકોર સુરસિંગજીના ગુજરી ગયા બાદ હાલના **ઠાકોર શ્રી માનસિંહજી** રાજગાદી ઉપર આવ્યા છે. તેમણે રાજગાદી ઉપર આવતાં તો બહુ સારો અભિપ્રાય બંધાવ્યો હતો તેમના રાજગાદીએ આવતાં દરમ્યાન પ્રથમજ કાઠીયાવાડના મે. પોલીટીકલ એજંટ **કર્નલ વોટસન** સાહેબે વચ્ચે પડીને યાત્રાળુઓપરના લાગા તરિકે વાર્ષિક રૂ.૧૫૦૦૦) ની રકમ ૪૦ વર્ષને માટે મુકરર કરી આપી ત્યારબાદ કેટલોક વખત સલાહશાંતિ ચાલ્યા બાદ પાછા નજીવા તકરારો ઉત્પન્ન થવા લાગ્યા, જેને પરિણામે પરસ્પરની પ્રીતિ ભરેલી લાગણી ઘસાવા લાગી.

એવા નાના અથવા મોટા તમામ તકરારો ક્રમે ક્રમે પતી ગયા અને છેવટે મકાનોની માલેકી વિગેરેના વાંધાનો ફડચો **શેઠ મનસુખભાઇ ભ-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુભાઇના પ્રયાસથી આવી ગયો. તે સાથે રસ્તા માંહેના વિસામા વિગેરે બાંધકામોને રીપેર કરવાનું કામ પણ અરજી આપવાના વાંધાથી અટકી રહેલું હતું તે ઘટીત રીતે અરજી આપવાનો નિર્ણય થઇને પતી ગયું. હવે તો જરૂર સુખશાંતિજ ચાલુ રહેવાનો સંભવ હતો તેવામાં ગમે તે કારણસર હાલના ઠાકોર માનસિંહજીના દિલમાં અકર્તવ્ય આચરવાનો વિચાર ઉદ્ભવ્યો.

સુરતના નામાંકિત ઝવેરી નગીનદાસ ઝવેરચંદનો વિચાર સિદ્ધાચળજી ઉપર એક સુંદર જિન મંદિર બંધાવવાનો થતાં તેમણે ઠાકોરસાહેબને પોતાનો વિચાર જણાવ્યો. તે કારણ હાથ ધરીને તેમને દેરાસર બાંધવા યોગ્ય જમીન બતાવવાનું મિષ કરી ઠાકોર પોતે પોતાના હજુરીઓની સાથે માહ શુદિ ૧૫ મે પવિત્ર શત્રુંજય ડુંગર ઉપર ચડ્યા. આટલી હકીકત ઉપરથીજ સિદ્ધ થઇ શકે એમ છે કે તેમનો વિચારજ જરૂર કાંઇક નવીન પ્રવૃત્તિ કરવાનો હતો. નહીંતો જમીન બતાવવા માટે કાંઇ તેમને પોતાને જવાની જરૂર નહોતી એ દેખીતું છે ડુંગર ઉપર ચડીને પ્રથમ દરમાં પેસતાંજ શેઠ આણંદજી કલ્યાણજીના સીપાઇ અને નોકરોએ બુટ કાઢી નાખી મોજા પહેરવાની રીતસર અરજ કરી પણ તેને નહીં ગણકારતાં તેઓ એમને એમ ચાલ્યા. આગળ ચાલતાં બે ત્રણ વાર ફરીને તે બાબત અરજ કરવામાં આવી. પણ તે ધ્યાનમાં ન લેતાં એમને એમ ચાલ્યા ગયા. તે બધી ટુંકોમાં ફરી સગાળપોળમાં થઇ હાથીપોળમાં પેસી પ્રદક્ષિણામાં ભમતીની તમામ દેરીઓની પાસે ફર્યા. અને પગમાં બુટ રાખવા ઉપરાંત મોઢામાં ચીરૂટ રાખી તેનો દુર્ગંધી ધુમાડો અને વાસ બધે ફેલાવ્યો. આ પ્રમાણેનું અયોગ્ય આચરણ કરીને બહાર નીકળતાં રામપોળ લગભગ નગીનદાસ ઝવેરી મળ્યા. તેમને દેવકીજીના છ પુત્રની દેરી પાસેની જગ્યા બતાવવામાં આવી. પરંતુ તેઓ બુટ પહેરીને ફર્યાની વાત બહાર આવતાં નગીનદાસનું મન બહુજ નાખુશ થઇ ગયું, જેથી તેમણે તરતમાં પોતાનો તમામ વિચાર માંડી વાળ્યો.

આ બાબતમાં ઝવેરી નગીનદાસે દરબારને આવવાનું કાંઇ પણ સૂચવેલું નહીં છતાં તેઓ તે કારણનું મિષ લઇને આ પ્રમાણે ચડ્યા અને આશાતના કરી જેથી તમામ યાત્રાળુઓનું દિલ ઘણુંજ દુખાતાં તેમણે ઝવેરી નગીનદાસને પણ તે સંબંધમાં ઠપકાપાત્ર ગણ્યા જેથી તેમનું દિલ ઓર નાખુશ થયું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાત્રાળુ માંહેના આગેવાન ગૃહસ્થોએ તેમજ કારખાનાના મુનીમે આ બાબતના ખબર શ્રી અમદાવાદ તથા મુંબઇ વિગેરે સ્થળે શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિઓને તેમજ જૈનવર્ગના આગેવાન ગૃહસ્થોને આપ્યા. તેમણે રાજકોટ એજંટ ટુ ધી ગવર્નરને તેમજ વઢવાણ કેમ્પ પોલીટીકલ એજંટને તારદ્વારા તરતજ ખબર આપ્યા અને ત્યારથી આ વાત ચરચાએ ચડી. આખા હિંદુસ્થાનમાં તમામ શ્રાવક ભાઇઓને આ ખબર ક્રમે ક્રમે પહોચી ગયા અને પોતાના પવિત્ર તીર્થની આ પ્રમાણે આશાતના થવાથી તેમના દિલ પારાવાર દુઃખાયા.

આ બાબત હજુ શાંત પડી નહોતી તેવામાં કોણ જાણે શું કારણથી પાછો અવિચારનો ઉદ્‌ભવ થયો કે જેથી ચૈતર શુદિ ૧૫ મે પાલીતાણા દરબારની પોલીસના ઉપરી પોતાના સીપાઇઓની સાથે ચૈત્ર શુદિ ૧૫ ના મહા પવિત્ર દિવસે મહા પવિત્ર શ્રી શત્રુંજય ડુંગર ઉપર ચડયા અને કારખાનાના નોકરોનું અપમાન કરી તેમની બુટ ઉતારવાની વ્યાજબી વાતને નહીં ગણકારતાં બુટ સુધાં અંદર ચાલ્યા ગયા. તેઓ પણ ભમતીમાં ચારે બાજુ ફર્યા. સ્વેચ્છાએ વર્ત્યા અને યાત્રાળુઓની ધર્મ સંબંધી લાગણીને હદપાર દુઃખાવી. પોલીસના શીપાઇઓ બુટ સાથે અંદર ફરતા હતા ત્યારે તેના ઉપરી બહાર બેઠા હતા, તેની પાસે આવીને સીપાઇઓને એવી રીતે નહીં ફરવા દેવાનું એકથી વધારે વાર નમ્રતા સાથે યાત્રાળુઓ તરફથી કહેવામાં આવ્યું,ત્યારે છેવટે તેમણે માણસ મોકલીને શીપાઇઓને બોલાવી લીધા. આ અકાર્ય પોલીસના ઉપરીએ ગમે તે કારણથી કર્યું હોય પરંતુ તેમાં ઠાકોર સાહેબનો હાથજ નહોતો એમ કોઇનાથી પણ માની શકાશે નહીં કારણ કે આવું અઘટિત પગલું ધણીની હાંશવિના ભરી શકાયજ નહીં. વળી પોલીસને ઉપર જવાનું એવું કાંઇ ખાસ કારણ પણ તે દિવસે ઉત્પન્ન થયેલું નહોતું. માત્ર ઇરાદા પૂર્વકજ ગયા હતી.

આ બનાવના ખબર તરતજ મુંબઇ અમદાવાદ વિગેરે શેહેરોએ તારદ્વારા ત્યાં રહેલા પ્રતિષ્ટિત યાત્રાળુઓએ આપ્યા. અને ત્યાંથી પાછા રાજકોટ તેમજ વઢવાણ યોગ્ય અધિકારી તરફ તેવા ખબર આપવામાં આવ્યા તેમજ આ બાબતમાં યોગ્ય દાદ પણ માગવામાં આવી.

હાલમાં બહાર પડેલા ખબરને આધારે જણાય છે કે–શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિઓએ આ બાબતમાં વ્યાજબી દાદ માગવા સારૂ આ·

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્સન બારિસ્ટર પાસે ઘડાવીને એક અરજી એજંટ ટુ ધી ગવર્નરને આપી છે. તે અરજી તપાસ કરવા માટે તે નામદારે વઢવાણ કેમ્પ મે. પોલીટીકલ એજંટ ઉપર મોકલાવી છે. જેની તપાસ તા. ૨૫ મી મેએ ચાલવાની છે. આ બાબતમાં અમારે હજુ ઘણુ લખવાનું છે પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે તપાસ ચાલવાની હોવાથી તેનું પરિણામ જણાતા સુધી વધારે લખવું મુલતવી રાખીએ છીએ. તો પણ એટલું જણાવ્યા શિવાય કહી શકતા નથી કે-પાલીતાણા ઠાકોરનું આ પગલું જરૂર તેમને વિમાસણ કરાવનારૂં થઇ પડ્યા શિવાય રહેશે નહીં. કેમકે આ વખત નજરે જોનારા સાક્ષી એટલા બધા છે અને એવા પ્રતિષ્ટિત છે કે તેમાં ના મુકરર જવું ચાલી શકે એમ નથી. તેમજ એ પ્રમાણે બુટ પહેરીને જવાનો અમારો હક છે એવું ઠાકોર સાહેબ એક પ્રતિષ્ટિત માણસ પાસે બોલ્યા છે તેવો હક સાબિત કરવો કે તે વાક્ય ઉપર ચુસ્ત રહેવું બંને બહુજ મુસ્કેલ છે.

આ બાબતમાં ગવર્નર જનરલ લોર્ડ કરઝન અને મુંબઇના માનવંતા ગવર્નર લોર્ડ રે જેવાએ જૈનોના પવિત્ર તીર્થોનું માન જાળવી આગ્રહારેથી બુટ બદલી મોજા પહેરવાનો દાખલો બતાવેલો છે તો તેના તાબાના એક સામાન્ય રાજ્ય કર્તાએ એવી રીતે અપમાન પહોચાડવાનો પોતાનો હક છે એમ કહેવું તે કેટલું બધું બેહુદુ છે તે સામાન્ય જન પણ સમજી શકે એમ છે. ટુંકામાં અમે તો હાલ આ હકીકત ઉપરથી એટલોજ સાર ગ્રહણ કર્યો છે કે આ કાર્ય **विनाश काले विपरित बुद्धि** જેવું છે. નહીં તો શ્રાવકવર્ગ ઉપરની દાઝે દેવમૂર્ત્તિઓનું અપમાન કરવાનો માઠો સંકલ્પ કદાપિ થાયજ નહીં.

---

# भद्रेश्वरमां महोत्सव.

ભદ્રેશ્વરનું તીર્થ કચ્છદેશમાં દક્ષિણ સમુદ્રને કિનારે આવેલું છે. પૂર્વે ત્યાં **ભદ્રાવતી** નામની નગરી હતી. હાલમાં નાનું સરખું ગામ વસે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગામની પૂર્વે દિશાએ જરા દૂર વસહીના દેરાને નામે ઓળખાતું બાવન જિ-નાલયવાળું એક દેરાસર છે. તેમાં મધ્યના દેરાસરમાં મૂળનાયકજી **શ્રી વર્દ્ધમાનસ્વામી** છે. તેની વર્ષગાંઠનો મેળો દરવર્ષે ફાગણ શુદિમાં ભરાય છે. શુદ ૪ થે લોકો આવવા માંડે છે, બજાર ભરાય છે, શુદ ૫ મે ધ્વજા ચડે છે અને સુદ ૬ ઠે મેળો વિસર્જન થવા માંડે છે. એમ એકંદર ત્રણ દિવસ મેળો રહે છે.

હાલમાં ચારે બાજુ ચાલતા પ્લેગના દુષ્ટ વ્યાધિને સબબે પાંચ છ વર્ષ થયા આ મેળો ભરાતો નહોતો પરંતુ ઓણુના વર્ષમાં કચ્છદેશમાં સુ-ખાકારી સારી હોવાથી મેળો ભરાયો છે. માણસ સુમારે ૧૫૦૦૦ એકઠું થયું હતું ધ્વજા ચડાવવા વિગેરેનું ઘી પુષ્કળ ઉપજ્યું છે. એકંદર ૫૦૦૦૦ કોરી-ની દેરાસરમાં ઉપજ થઇ છે. અત્રે ઘી મણ ૧ ની કોરી ૬ નો ભાવ ઠરાવેલો છે. મૂળ મંદિર ઉપર ધ્વજા ચઢાવવાનું ઘી મણ ૨૦૫૧। બોલીને શ્રી માંડવીવાળા શા. ધનજી લીલાધર હા. અમરચંદ કાનજીએ ધ્વજા ચડાવી છે. તેના ઉપરની વાવટી ઘી મણ ૧૦૦૧। થી ખાખરવાળા શા. દેવરાજ નાગશી તથા શા ગુણપત નકુએ ચડાવી છે. અને બાવન દેરીઓ વિગેરે ઉપર ધ્વજાઓ ચડાવવા વિગેરેનું મળીને ઘી મણ ૪૦૨૫ થયું છે. શ્રીમંત ગૃહસ્થોએ પોતાના દ્રવ્યનો લાહો લીધો છે.

આ દેરાસરજી અને પ્રતિમા બહુ જુના વખતની છે. દેરાસર સંપ્રતિ રાજાની અગાઉના વખતનું છે. તેનો જીર્ણોદ્ધાર તેરના સૈકામાં જગ પ્રસિદ્ધ જગડુશાએ કરાવ્યો હતો ત્યારપછી હાલમાં શ્રી માંડવીવાળા શેઠ પીતામ્બરદાસ શાંતિદાસ તથા શ્રી સંઘ તરફથી જીર્ણોદ્ધાર થાય છે. આરસ અને રંગરીપેરનું કામ થવાથી દેરાસર બહુ રમણિક બન્યું છે. હજુ કામ ચાલે છે.

અહીંઆ ઘણા વર્ષોથી મેળો ભરાય છે. પ્રથમ ફાગણ શુદ ૮ ઉપર ભરાતો હતો તે ૧૦-૧૫ વર્ષથી કેટલાક કારણસર ફાગણ શુદ ૫ ઉપર ભરવામાં આવે છે.

અહીંયાં સુમારે દશ વર્ષથી કારખાનું સ્થાપવામાં આવ્યુ છે એનું નામ **શેઠ વર્દ્ધમાન કલ્યાણજી** રાખવામાં આવ્યું છે. આ તીર્થ પણ શ્રી મલ્લીનાથજીની જેમ પ્રભાવિક અને પ્રખ્યાત છે. તેની યાત્રાનો લાભ ગુજરાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાઠીઆવાડ વિગેરે દેશોના જૈન બંધુઓએ લેવા યોગ્ય છે એવી મારી અંતઃકરણથી વિનતી છે.

**સંઘવી ખીમજી જેરાજ.**

અંજાર. કચ્છ.

# बनारस समाचार.

લખતાં ઉમંગ થાય છે કે હું તા. ૧૯-૫-૧૯૦૩ ના રોજ શ્રી બનારસ દર્શન કરવા માટે ગયો હતો. ત્યાં જિનમંદિરના દર્શનનો અપૂર્વ લાભ લીધા બાદ ખબર મળ્યા કે અહીં જૈન સંસ્કૃત પાઠશાળા સ્થાપવા માટે **મુનિરાજ શ્રી ધર્મવિજયજી, અમીવિજયજી, કીર્તિવિજયજી, મોહનવિજયજી, ઈંદ્રવિજયજી, મંગળવિજયજી અને વલ્લભવિજયજી** પધારેલા છે. તે ઉપરથી તેમના દર્શનનો પણ લાભ લીધો. તેમની સાથે બીજા ૧૧ વિદ્યાર્થીઓ છે. તેઓ સાહેબનો વિચાર તો ૪૦ વિદ્યાર્થી ભેગા કરવાનો છે. પરંતુ સદરહુ પાઠશાળાનો ખર્ચ ચલાવવા માટે થયેલું ફંડ ઘણું ઓછું છે. તેથી મને ખેદ થાય છે, આવા મુનિરાજો ગુજરાત જેવા દૂર દેશથી વિહાર કરી પૂર્ણ પરિશ્રમવડે અહીં સુધી પધાર્યા છે, ઉપરાંત હજુ પણ પૂર્ણ પરિશ્રમ લઇ આ પાઠશાળાને ઘણા સારા પાયા ઉપર લાવવા ધારે છે. મારે તેઓ સાહેબ સાથે કેટલીક વાતચિત થઇ તે ઉપરથી મને એમ માલમ પડયું કે એઓ સાહેબના વિચાર ઘણા ઉમદા અને અમૂલ્ય છે. જો આપણી જૈન કોમ આ બનારસ પાઠશાળાને સારી રીતે મદદ કરશે તો જરૂર જૈન કોમ અને જૈનધર્મની સારી રીતે ઉન્નતિ થશે એમાં કાંઇ પણ શક નથી.

**શા. મંગળદાસ રણછોડદાસ.**

જનરલગંજ. કાનપુર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવા કરાવવા તરફ લક્ષ આપવા સુચવીએ છીએ તેમજ પોતાનો તરફથી પણ ઉદારતા વાપરવાનું યાદ આપીએ છીએ.

અમરચંદ ઘેલાભાઇ,
શ્રી. જૈ. ધ. પ્ર. સભાના મંત્રી.

---

## જાહેર ખબર.

"આંખના દરદીઓ માટે અમુલ્ય તક."

( મુનિરાજ તથા સાધ્વી માટે મફત. )

ચક્ષુરૂપી રત્નને જાળવવું એજ દુનીઆમાં મોટી દોલત છે શરીરે સુખી તેજ ખરો સુખી કહેવાય છે, ને શરીરનો આધાર ચક્ષુ ઉપર છે. તેથી આગળ ઉપર ચસ્માની જરૂર ન પડે હમેશાં આંખ સાફ રહે અને તેજી વધે તેને માટે "શુદ્ધ સાચા મોતીનો સુરમો" કાળો, સફેત, અથવા લાલ ત્રણે રંગનો પણ એક સરખા ગુણવાળો અમે બનાવેલો છે તે જોઇએ તેણે મંગાવવો. તેના કિંમત નંબર ૧ લાના તોલા ૧ ના રૂ.૪) અને નંબર બીજાના તોલા ૧ ના રૂ.૨) પોસ્ટ ખર્ચ જુદું. પરદેશવાળાને વેલ્યુપેબલથી મોકલશું. આ દવાથી ઘણા ફાયદા થાય છે ઘણા માણસોને ફાયદા થયેલા છે તેના સર્ટીફીકેટો અમારી પાસે મોજુદ છે.

ત્રણે જાતનો સુરમો બનાવનાર તથા વેચનાર.
શેઠ ત્રીભુવનદાસ હઠીશંઘ.
જામનગર-કાઠીયાવાડ.

---

## ગ્રાહકોને ભેટ.

ગયા વર્ષની ભેટ તરીકે "શ્રી વર્દ્ધમાન દ્વાત્રીંશકા મૂળ, મૂળનો અર્થ; ટીકા, ટીકાનો અર્થ" એ પ્રમાણે છપાવીને ચાર ફાર્મની એક બુક સારી રીતે બંધાવીને તૈયાર કરવામાં આવી છે. અને તે લવાજમ મોકલનાર ગ્રાહકો તરફ મોકલવાનું પણ શરૂ કરવામાં આવ્યું છે. આ ચોપાનીયું પહોચ્યા પછી એક માસની અંદર ન મળે તો જેમણે લવાજમ મોકલેલ હોય તેમણે પત્ર લખી મંગાવી લેવી. હજી પણ નવા વર્ષના લવાજમ સહીત જે પાછલું લવાજમ મોકલશે તેમને એક માસ સુધી લાભ આપવામા આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## લવાજમની પહોંચ.

૧—૪ શા શીવલાલ ફુલચંદ
૧—૩ ટોળીઆ અભેચંદ જેઠાભાઇ
૧—૬ શા લાલચંદ જીવરાજ
૧—૬ શા મોહનલાલ મોતીચંદ
૧—૬ શા નથુભાઇ બેચરદાસ
૩-૧૨ શા માણેકચંદ કાનજી
૧—૬ શ્રી વઢવાણ જૈનશાળા
૧—૦ ઝવેરી જીવણ હેમરાજ
૧—૪ શા અમીચંદ ઝીણાભાઇ
૧—૦ શા પાનાચંદ ખુશાલ
૧—૬ શા ગુલાબચંદ મુળચંદ
૧—૬ શા ગુલાબચંદ નેમચંદ
૧—૬ મોદી માણેકલાલ ગીરધરલાલ
૧—૬ શા કેશવલાલ મોહનલાલ
૧—૬ ગાંધી જેચંદ તારાચંદ
૧—૪ શા કુંદનજી કપુરચંદજી
૨-૧૧ શા હકમાજી ફકીરાજી
૩—૦ શા નારણજી અમરશી
૧—૪ શા છગનલાલ શીવલાલ
૧—૬ કોરડીઆ વશરામ મકનજી
૧—૦ વોરા ઝવેરચંદ સુરચંદ
૮—૧૧ શેઠ ભાયચંદ ફુલચંદ
૧—૪ શેઠ ત્રીભોવનદાસ હઠીશંઘ
૧—૪ શા પરશોતમ લલુભાઇ
૧—૪ શા માંડણ જીવરાજ
૨—૯ શા લલુચંદ બલાખીદાસ
૧—૩ ટોળીઆ વલભજી રામજી
૧—૯ શેઠ ડાહ્યા ઝીણા
૧—૬ શા મગનલાલ કંકચંદ
૧—૬ મેતા જીવા માણેકચંદ.
૧—૬ નાણાવટી ચંદુ બેચર
૧—૬ શા હંસરાજ રતનશી
૧—૬ શા અમરચંદ સોમજી
૧—૪ શા કેશવલાલ વેલશી
૨-૧૧ શા ચુનીલાલ ફુલચંદ
૧—૩ મેતા દેવચંદ જેતશી
૧—૦ શા નારણજી ભાણાભાઇ
૧—૮ શા સુખલાલ દેવચંદ
૧—૪ શા છગનલાલ દલસુખ
૧—૬ શેઠ શીવલાલ ધારશી
૧—૪ શા ચુનીલાલ દીપચંદ
૧—૯ શા સંતોકચંદ રૂપદાસ
૧—૪ શા દલસુખ ફતેચંદ
૧—૪ પટવા ડાહ્યાલાલ વાલજી
૪-૧૪ શા નેમચંદ ગુલાબચંદ
૧—૪ ડાક્ટર ગોવીંદરાવ દીપાજી
૧—૦ શા પરભુદાસ દીપચંદ
૧—૬ શા પુનમચંદ મગનચંદ
૧—૬ શા લલુભાઇ ધનજી
૧—૪ શા નરશીદાસ રૂગનાથ
૧—૬ શા ફુલચંદ મુળચંદ
૨-૧૨ શા હીમચંદ માણેકચંદ

## નવી બુકોની જાહેર ખબર.

૧ શ્રી વર્દ્ધમાન દ્વાત્રંશીકા, મુળ, ટીકા ભાષાંતર યુક્ત. ૦-૩-૦
૨ શ્રી ઉપમિતિ ભવ પ્રપંચના પીઠબંધનું ભાષાંતર. ૦-૧૨-૦
૩ શ્રી ત્રીષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર પર્વ ૧૦ મું પ્રુ.૭ મું. છપાય છે.
૪ શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ ૨ જો. સ્તંભ ૫-૬-૭-૮ „

"પુસ્તકોની પહોંચ હવે પછીના અંકમાં આપશું."

For Private And Personal Use Only